સી.આઈ.ડી. ક્રાઇમ હેઠળ સ્ટેટ લેવલ ઓપરેશનલ યુનિટ નાર્કોટિક્સ સેલની વિવિધ સંવર્ગની જગ્યાઓ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ,

ઠરાવ ક્રમાંક: HD/MHK/e-file/8/2023/7667/C

સચિવાલય, ગાંધીનગર

તારીખ

<u>વંચાણે લીધા :-</u>

(૧) ગૃહ વિભાગનો તારીખ ૦૭/૦૩/૨૦૨૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તારીખ ૨૩/૦૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DGIGP/0526/01/2025

<u>ઠરાવ :-</u>

સી.આઈ.ડી. ક્રાઇમ હેઠળ સ્ટેટ લેવલ ઓપરેશનલ યુનિટ નાર્કોટિક્સ સેલ માટે વિવિધ સંવર્ગની કુલ-૦૪ જગ્યાઓ વંચાણે લીધેલ ક્રમ(૧) સામે દર્શાવેલ તારીખ ૦૭/૦૩/૨૦૨૪ના ઠરાવ દ્વારા ઊભી કરવામાં આવેલ.

| અ.નં. | હોદો | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડેટા એનાલીસીસ એક્ષપર્ટ (આઉટસોર્સ) | ૦૧ |
| ૨ | સાયબર એક્ષપર્ટ (આઉટસોર્સ) | ૦૧ |
| ૩ | ડાર્ક વેબ/ક્રિપ્ટો એક્ષપર્ટ (આઉટસોર્સ) | ૦૧ |
| ૪ | ઈથીકલ હેકીંગ (આઉટસોર્સ) | ૦૧ |
| | કુલ | ૦૪ |

૨. વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવેલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીના તારીખ ૨૩/૦૧/૨૦૨૫ના પત્રથી ઉક્ત જગ્યાઓ ૧૧ માસ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા સરકારશ્રીને દરખાસ્ત કરેલ છે.

૩. ઉક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે આઉટસોર્સથી ભરવાની થતી વિવિધ સંવર્ગની ૦૪ જગ્યાઓ મુદત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૨) ખાલી જગ્યાઓ અંગે નાણા વિભાગની વખતો વખતની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩)આ હંગામી જગ્યાની મુદત પુરી થાય તેના ૩ માસ પહેલા તેને ચાલુ રાખવાની દરખાસ્ત મોકલવાની રહેશે.

(૪) આગામી વર્ષની દરખાસ્ત સાથે ખાલી જગ્યાની સંપુર્ણ વિગતો કઇ તારીખથી જગ્યા ખાલી છે સાથેની વિગતો રજુ કરવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ "માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦ ગૌણ સદર : ૧૦૯ – જિલ્લા પોલીસ પેટા સદર : ૦૧ MEP - ૦૬ જિલ્લા પોલીસ ખુદ," ખાતે ઉધારવાનો રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી(નાણા વિભાગ)ની તારીખ ૨૦/૦૩/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હેતલ પટેલ

સેક્શન અધિકારી

ગૃહ વિભાગ

પ્રતિ

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક(ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી(ક.ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા/બ શાખા/આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ

Validity unknown

Signed by:HETALKUMAR B PATEL
Section Officer
Date:2025.04.21
12:35:40 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign